## આજના ધાર્મિક કાર્યક્રમ

- શ્રી શિવ-શક્તિ શિવમહિમ્ન સ્ત્રોત મંડળ, સેક્ટર-૨૩ દ્વારા શિવમહિમ્ન સ્ત્રોત આજે રાત્રે ૯.૦૦ વાગે જગદીશભાઈ જોષી ૧૬૦/૧૦બી-૧ ટાઈપ સેક્ટર-૨૩ખાતે યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેક્ટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતી વંદના આજે રાત્રે ૯.૦૦ વાગે બિપિનભાઈ જાની ૧૧૦/૧ છ-ટાઈપ ખાતે યોજાશે.
- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા શિવ રૂદ્રાભિષેક અને શિવ મહિમ્ન પાઠ આજે રાત્રે ૮.૩૦ વાગે ભુપેન્દ્રભાઈ એચ. દવે ૨૯૩, વિભાગ-૨ ઉર્જાનગર ખાતે યોજાશે.
- વાવોલ રામધામ ખાતે ચાલતી રામકથામાં આજે રામ વિવાહ પ્રસંગ મનાવાવમાં આવશે. ભાવિભક્તોને લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.
- શ્રી બાજખેડાવાળ મંડળ ગાંધીનગર દ્વારા શિવમહિમ્ન સ્ત્રોત અને વિષ્ણુ સહસ્ત્ર પાઠ આજે રાત્રે ૮.૩૦ વાગે ડૉ. આરતીબેન દવે ૧૨૨૫/૧ સેક્ટર-૭-ડી ખાતે યોજાશે.
- ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે આજે રાત્રે ૮.૦૦ વાગે સુંદરકાંડ પાઠ રાકેશભાઈ પારેખ ૬૬૭/૨, ગોલ્ડન પાર્ક સોસાયટી સેક્ટર-૩૦ ખાતે યોજાશે.

# ગેસ્ટહાઉસે પહોંચીને પત્નિએ પતિ અને પ્રેમિકાને ચંપલ વડે માર્યા

### સચિવાલયમાં નોકરી કરતાં પતિ-પ્રેમિકા રીશેષ સમયે કોબા રોડ પર એક ગેસ્ટહાઉસ પહોંચી ગયા હતા : પત્નિએ જાહેરમાં બન્નેને માર્યા : અડધો કલાક તમાશો ચાલ્યો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સચિવાલયમાં નોકરી કરતાં પતિ અને સચિવાલયમાં જ નોકરી કરતી પ્રેમિકા રીશેષ સમયમાં ગાંધીનગર-કોબા હાઈવે પરના એક ગેસ્ટહાઉસમાં પહોંચી ગયા હતા. પતિ ગેસ્ટહાઉસ પહોંચ્યો હોવાની માહિતી મળતાં જ પત્નિ પણ તે સ્થળે રીક્ષા લઈને પહોંચી ગઈ હતી અને પતિ-પ્રેમિકાને બહાર કાઢીને ચંપલ વડે માર માર્યો હતો. અડધો કલાક સુધી આ તમાશો ચાલ્યો હતો.

ઘટનાને નજરે જોનાર સૂત્રના જણાવ્યા મુજબ ગઈકાલે બપોરે દોઢેક વાગ્યાના અરસામાં પતિ-પત્નિ ઔર વોહ...નો તમાસો કોબા-ગાંધીનગર હાઈવે પરના એક ગેસ્ટહાઉસ બહાર થયો હતો. નવા સચિવાલયમાં ફરજ બજાવતી પરણીત પ્રેમિકાને લઈને જુના સચિવાલયમાં ફરજ બજાવતો પરણીત પ્રેમી કર્મચારી રીસેષ સમયે ગેસ્ટહાઉસ લઈ ગયો હતો. પતિ પ્રેમિકાને લઈને ગેસ્ટહાઉસ ગયો હોવાની માહિતી મળતા જ પત્નિ રીક્ષા કરીને તે સ્થળે પહોંચી ગઈ હતી. અને પતિ તથા પ્રેમિકા બન્નેને બહાર નિકાળીને જાહેરમાં ચંપલ વડે ઝુડી કાઢ્યા હતા. પતિની પ્રેમિકાને ઓફીસ અને ઘરે આવીને પણ સબક શિખવશે તેવી ધમકી પત્નિએ આપી હતી. અંદાજે અડધા કલાક સુધી પતિ, પત્નિ ઔર વોહ નો તમાશો ચાલ્યો હતો.

## આજે પર્યુષણ પર્વ નિમિત્તે મહાપૂજા આરતી યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

શ્રી ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ મધ્યે પ.પૂ.શ્રી ભદ્રેશ્વર વિજયજી ગણિ તથા પ્ર. સુશ્રી યોગીરત્ન પ્રિ.મ.સા.ની નિશ્રામાં ભવ્યાતિભવ્ય મહાપૂજા, ડેકોરેશન ભવ્ય આંગી, દીવડાઓ સાથે કુમાપપાળ રાજાની આરતી તા. ૨૩મી ઓગસ્ટના સાંજે છ વાગે યોજેલ છે. તા. ૨૪મી ઓગસ્ટના સંગીત સાથે શાલીભદ્રનો સ્ટેજ પ્રોગ્રામ તથા નાટક રાખેલ છે. નાટક દરમ્યાન શાલીભદ્રની ૧૧ પેટીના ચડાવવામાં આવશે. શ્રી ગાંધીનગર શ્વે. મૂ. જૈન સંઘના શ્રી વિનોદભાઈ શાહે જણાવેલ છે.

# ચિલોડાના અક્ષર કોમ્પ્લેક્ષનું ભોંયરૂ ખુલ્લુ શૌચાલય બન્યું : રોગચાળાને આમંત્રણ

### ભોંયરામાં અડધા ફૂટ જેટલો પેશાબ અને કચરો : આજુબાજુમાં જ ખાણી-પીણીની દુકાનો

ચિલોડા, તા. ૨૨

ચિલોડામાં શૌચાલયની કોઈ જ વ્યવસ્થા ન હોવાથી લોકો ગમે તે જગ્યાએ શૌચ ક્રિયા કરવા મજબૂર બની રહ્યા છે. ચિલોડાના મુખ્ય ગણાતા અક્ષર કોમ્પ્લેક્ષ નીચે આવેલ ભોંયરાને લોકોએ શૌચાલય બનાવી દઈ ગંદકીના ઢગ ઉભા કરી દીધા છે. પ્રથમ નજરે જ રોગચાળાને આમંત્રણ આપતા આ સ્થળની આજુબાજુ જ ખાણી પીણીનો વેપાર ધમધમી રહ્યો છે આ અંગે સત્વરે યોગ્ય કાર્યવાહી નહીં થાય તો લોકોના સ્વાસ્થ્ય ઉપર ગંભીર અસરો પડવાની શકયતા રહેલી છે.

કેન્દ્ર અને રાજય સરકાર શૌચાલય બનાવવાની પ્રખર હિમાયતી બની છે પરંતુ પાટનગરના પ્રવેશ દ્વારો જ શૌચાલય વગર સબડી રહ્યા છે. ચિલોડા એ ગાંધીનગર, અમદાવાદ, દહેગામ, હિંમતનગર એમ ચારે બાજુનું મુખ્ય કેન્દ્ર બન્યું છે. દૈનિક હજારોની સંખ્યામાં લોકોની અવરજવર રહે છે પરંતુ લોકોની પ્રાથમિક સુવિધા એવી પાણી અને શૌચાલય પ્રથમથી જ અહીં છે નહીં જેથી લોકો શૌચ જેવી આવશ્યક પ્રવૃત્તિ ગમે તે સ્થળે કરી સ્વાસ્થ્ય સાચવી લે છે.



આ કારણે જ વેપાર, ધંધા, અને રોજગારથી ધમધમતા ચિલોડના અક્ષર કોમ્પ્લેક્ષમાં આવતા લોકો અને સ્થાનિક લોકો કોમ્પ્લેક્ષની બાજુમાં બનાવેલા પાર્કિંગ ભોંયરામાં શૌચ ઈત્યાદિ ક્રિયા કરી રહ્યા છે. લોકોની આ દૈનિક પ્રવૃત્તિથી હાલ આ ભોંયરામાં અડધા ફુટ જેટલું ગંદુ પાણી અને કચરો દેખાઈ રહ્યો છે. શૌચાલયના અભાવ વચ્ચે થતી આ પ્રવૃત્તિથી રોગચાળો ફાટી નીકળવાની પૂર્ણ દહેશત વર્તાઈ રહી છે. વધુમાં આ કોમ્પ્લેક્ષમાં દવાખાનાથી માંડીને ખાણીપીણીનો વેપાર પૂરજોશમાં ચાલે છે જેથી લોકોની અવરજવર સૌથી વધુ રહે છે.

ભોંયરાની બાજુમાં જ ખાણીપીણીનો વેપાર ચાલી રહ્યો છે જેથી આ વેપારી વર્ગ તથા જવાબદાર વ્યકિતઓએ શૌચાલય બાબતે ગંભીરતાથી વિચારી યોગ્ય કરવું જોઈએ તેમજ વહીવટી તંત્ર એ આ અંગે સતર્કતા દાખવી શૌચાલયની વ્યવસ્થા હાથ ધરાય ત્યાં સુધી આ સ્થિતિ ઉપર નિયંત્રણ જળવાય તેવી માંગ ઉઠવા પામી છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

## અંબાપુરથી અંબાજી પદયાત્રા સંઘ જશે

ગાંધીનગર, તા. ૨૨

બોલ મારી અંબે... જય જય અંબે...ના જયઘોષ સાથે ગાંધીનગરના અંબાપુર ખાતેથી ૨૪મો પગપાળા સંઘ તા. ૩૦ ઓગસ્ટના રોજ પ્રસ્થાન કરશે. સવારે ૭.૦૦ વાગે અંબાપુર અંબાજી માતાના મંદિરેથી પૂજા-અર્ચન બાદ પ્રયાણ કરશે. તા. ૬, સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦ કલાકે જગત જનની મા અંબાના દર્શન કરસે. પદયાત્રા સંઘમાં જોડાવા ઈચ્છુક માઈ ભક્તોએ મુકેશ પટેલ ૯૮૭૯૭ ૯૦૭૮૮ પર સંપર્ક કરવો.

## ગુજરાત એક્સ એમ.એલ.એ. કાઉન્સિલે પૂર્વ સાંસદ સ્વ. બચાણીને શ્રદ્ધાંજલિ અર્પી

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત એક્સ એમ.એલ.એ. કાઉન્સિલના સભ્ય પૂર્વ ધારાસભ્ય અને સાંસદ લેખરાજ બચાણીનું દુ:ખદ અવસાન થતા કાઉન્સિલના ચેરમેન દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી છે. ચેરમેને જણાવ્યું હતું કે સ્વ. બચાણીના અવસાનથી કાઉન્સિલે એક સક્રિય કાર્યકર ગુમાવ્યા છે અને તેમની ખોટ સદાય અમને સાલશે. પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરવામાં આવી છે.

## બાળકોમાં છુપાયેલી સુષુપ્ત શક્તિને થર્ડ આઈ એકેડમી બહાર લાવશે

ગાંધીનગર, તા. ૨૨

ઈલેક્ટ્રોનિક્સ સાધનોના રવાડે ચડેલા માનવી માટે યાદ શક્તિ એક મોટો પડકાર બની ગઈ છે. માનવીને પોતાનો મોબઈલ નંબર પણ યાદ રહેતો નથી. ત્યારે થર્ડ આઈ. એક્ટીવેશન એકેડમી દ્વારા અર્ધ જાગૃત મનને જગાડી યાદ શક્તિ વધારવાનો સેમિનાર યોજવામાં આવે છે.

થર્ડ આઈ એક્ટીવેશન એકેડમી દ્વારા થર્ડ આઈ એક્ટીવિશન પ્રોગ્રામ દર શનિ અને રવિવારે યોજવામાં આવે છે. તેમજ દર ગુરૂવારે મહાનગરપાલિકા હોલ, કોર્ટની પાછળ ફ્રી સેમિનાર યોજવામાં આવે છે. એકેડમી દ્વારા બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને કેવી રીતે બહાર લાવવી અને ઉપયોગ કરવો તે વિષયનું જ્ઞાન આપવામાં આવે છે.

સંસ્થાના સુરેશભાઈ જણાવે છે કે, થર્ડ આઈ એક્ટીવેશન પ્રોગ્રામમાં અને બાળકોને આંખે પાટા બાંધીને રંગ, આંકડા, આકાર, ન્યૂઝ પેપર વાંચન, ચલણી નોટ ઓળખવી અને તેનો સિરીયલ નંબર કેવી રીતે જાણવો તે વિશેનું જ્ઞાન આપવામાં આવે છે. બાળકોને માનસિક આંખ વડે જાણતા શિખવાડવાનું જ્ઞાન પિરસવામાં આવે છે. આ વિશેની વધુ માહિતી મેળવવા ૯૮૨૪૦ ૧૦૦૭૧ અને ૯૧૫૭૭ ૩૬૪૭૭ પર સંપર્ક કરવા આયોજકોએ જણાવ્યું છે.

## રવિવારે ટાઉનહોલમાં રાષ્ટ્રીય સમૂહગાન પ્રતિયોગિતા યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરની ભારત વિકાસ પરિષદ દ્વારા તા. ૨૪મી ઓગસ્ટ, રવિવારે સવારે ૮.૪૫ વાગે સે. ૧૭ માં આવેલ ટાઉનહોલ ખાતે રાષ્ટ્રીય સમૂહગાન પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં ભારત માતાની આરાધના અને રાષ્ટ્રભક્તિના સમૂહગીતો રજૂ કરવામાં આવશે. ભારત વિકાસ પરિષદ દ્વારા દર વર્ષે યોજાતી આ સ્પર્ધામાં રાષ્ટ્રીય સ્તરે લગભગ ૪ લાખથી વધુ વિદ્યાર્થીઓ ભાગ લે છે. આ સ્પર્ધા શાખા, પ્રાંત અને અખિલ ભારત સ્તરે યોજવામાં આવે છે. ગાંધીનગરમાં આયોજિત આ સ્પર્ધામાં કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશન કુ.ના ડાયરેક્ટર કમલ જૈન પ્રમુખપદે તેમજ અમદાવાદ ઓએનજીસીના ગ્રુપ જનરલ મેનેજર ભુવનેશ્વર ચતુર્વેદી મુખ્ય અતિથિપદે ઉપસ્થિત રહેસે. આ સ્પર્ધા દ્વારા રાષ્ટ્રભક્તિના મહાન યજ્ઞમાં ભાગ લેવા જાહેર જનતાને નિમંત્રણ આપવામાં આવ્યું છે.

# દેશી દારૂ બંધ કરાવવા પોલીસનું ફતેપુરમાં રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલીંગ

### ફતેપુરામાં દારૂ પીધા બાદ થયેલા શંકાસ્પદ મૃત્યુને પગલે ખાસ દરોડા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરના સે. ૧૫ સ્થિત ફતેપુરા વિસ્તારમાં દારૂ પિધા બાદ થયેલા શંકાસ્પદ મૃત્યુને પગલે સે. ૭ પોલીસ દ્વારા ખાસ ચેકીંગ રાખી દરોડા પાડવામાં આવ્યા છે. તે ઉપરાંત દેશી દારૂની ભઠ્ઠીઓ પુનઃ ધમધમવા ન લાગે તે માટે ફતેપુરામાં તકેદારીના ભાગરૂપે રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલીંગ શરૂ કરી દેવામાં આવ્યું છે.

ફતેપુરામાં ચાર દિવસ પહેલા જ દેશીદારૂ પીધા બાદ બે વ્યક્તિઓ રઝળતની હાલતમાં મળી આવ્યા હતા તે પૈકી એક મૃત જ્યારે બીજો બેભાન હાલતમાં હતો. લઠ્ઠાકાંડની શંકાને પગલે સમગ્ર તંત્ર દોડતુ થઈ ગયું હતું. મૃતકનું પેનલ ડૉક્ટરથી પી.એમ. કરાવીને વિશેરાના સેમ્પલ એફએસએલમાં મોકલી અપાયા છે. જો કે તેના મૃત્યુ સંદર્ભે ડૉક્ટરે કોઝ ઓફ ડેથ રીપોર્ટ પેન્ડીંગ રાખ્યો છે. આ પ્રકરણ બાદ તકેદારીના ભાગરૂપે ફતેપુરામાં સે. ૭ પોલીસ દ્વારા દેશીદારૂની ભઠ્ઠીઓ બંધ કરાવવા દરોડાઓ પાડી રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલીંગ શરૂ કરી દેવામાં આવ્યું છે.



**એક મહિનાનું વાંચન પર્વ**

લેકાવાડા ઓમકાર ઈન્ટરનેશનલ સ્કુલમાં બાળકોનો માનસિક વિકાસ થાય અને વાંચન પ્રવૃત્તિ વધે તે માટે 'વાંચનપર્વ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોની વિચારશકિત અને કલ્પનાશકિત ખીલી ઉઠે તે હેતુથી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શાળાના ધોરણ-પથી ૧૧ના વિદ્યાર્થીએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમનું સમાપન એક મહિનાના અંતે બાળ વિશ્વ વિદ્યાલય ખાતે કરવામાં આવ્યું હતું.

# વેજલપુરના પરિવારે જાસપુર કેનાલમાં સામુહીક આપઘાત કર્યાની આશંકા

### બાપ-દિકરીનો મૃતદેહ મળ્યો : દિકરો હજુ લાપતા : ૧૯ ઓગષ્ટથી ઘરેથી લાપતા હતા

ગાંધીનગર, તા.૨૨

અમદાવાદ વેજલપુર વિસ્તારના એક પરિવારના ત્રણ સભ્યોએ કલોલ નજીકના જાસપુર કેનાલમાં સામુહિક આપઘાત કર્યો હોવાની આશંકા ઉદભવી છે. ૧૯ ઓગષ્ટથી લાપતા બનેલા બાપ-દીકરી અને દિકરાની શોધખોળ ચાલતી હતી. દરમિયાન આજે જાસપુરમાંથી એક આધેડ અને એક કિશોરીનો મૃતદેહ મળી આવ્યો છે.જેમાંથી એક ફોટો મળતા વેજલપુરના બાપ દિકરી હોવાની પ્રબળ શકયતા છે. પોલીસે તે દિશામાં તપાસ શરુ કરી ઓળખવિધિ માટે તજવીજ કરીને આપઘાતનું કારણ બહાર લાવવા તપાસ આરંભી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદના વેજલપુર વિસ્તારમાં રહેતા એખકપરિવારના ત્રણ સભ્યો પિતા-પુત્રી અને પુત્ર ૧૯ ઓગષ્ટથી ઘરેથી નીકળી ગયા હતાં. તેમની શોધખોળ ચાલી રહી હતી. દરમિયાન આજે બપોરે કલોલ નજીક જાસપુર કેનાલમાંથી આશરે ૪૩ વર્ષીય આધેડની અને આશરે ૧૨ વર્ષીય કિશોરીનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. ગાંધીગર ફાયરબ્રિગેડના જવાનો દિનેશ ચૌધરી અને ફારૂક શેખે જીવના જોખમે જાસપુર કેનાલ સાયફનમાં ઉતરીને બંને મૃતદેહ બહાર નિકાળી પોલીસને સોંપતા પી.આઈ. બી.એન. દવેએ ઓળખવિધિ માટે તજવીજ કરી હતી. ખિસ્સા અને પાકીટ ફંફોસતા મળેલા એક ફોટાને જોતા વેજલપુરના ગુમ થયેલા બાપ દિકરી અને દિકરો પૈકી બાપ-દિકરીનો મૃતદેહ હોવાનો અંદાજ છે. પોલીસે પરિવારજનોને બોલાવીનો ઓળખવિધિ માટે તજવીજ શરુ કરી છે.

## સે. ૨૮ મૂક-બધિર શાળામાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો

સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિરમાં ૧૫મી ઓગસ્ટની ઉજવણી કરવામાં આવી હતી. દેશભક્તિનું વાતાવરણ સર્જાયું હતું. શાળામાં શાળાની વિદ્યાર્થીની કુ. મલેક આશિયાનબાનુ અને ક્રિપા સર્વિસીઝના ડાયરેટર નારણભાઈ પટેલે ધ્વજ ફરકાવ્યો હતો. એસીઈ એજ્યુકેશનના અમીતભાઈ દવેએ બાળકોને આખે પાંટા બાંધી સુષુપ્ત શક્તિ જાગૃત કેવી રીતે કરવી તેનું માર્ગદર્શન આપ્યું હતું. નારણભાઈ પટેલે બાળકોને લંચ બોક્સનું વિતરણ કર્યુંહતું. સંચાલક વૈભવ જાની, ડૉ. પ્રવિણભાઈ બોઘાણી ઉપસ્થિત રહી સલામી આપી હતી.

## ચેસ સ્પર્ધકોની ૨૭મીએ પસંદગી થશે

ગાંધીનગર, તા.૨૨

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા સ્વામી વિવેકાનંદ બીન નિવાસી પ્રતિભા સંવર્ધન કેન્દ્ર યોજના હેઠળ ચેસ રમતના ખેલાડીઓ માટે સિલેકશન ટ્રાયલ રાખવામાં આવેલ છે. જેમાં આંતરરાષ્ટ્રીય કક્ષાના ચેસ કોચશ્રી શેખર શાહુ ઈન્ટરનેશનલ ચેસ માસ્ટર તા. ૨૭મી ઓગષ્ટે સ્વામિનારાયણ સ્કુલ રાયસણમાં સવારે ૮-૦૦ થી ૧૩-૦૦ કલાક સુધી ઉપસ્થિત રહેશે. સિલેકશન ટ્રાયલમાં અંડર-૫ થી અંડર-૨૦ની વય ધરાવતા પ્રતિભાશાળી ખેલાડીઓને ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે. સિલેકશન ટ્રાયલ સ્થળે આવનાર ખેલાડીઓએ રાજય, રાષ્ટ્રીય, એસ.જી.એફ.આઈ. અથવા ખેલ મહાકુંભની સ્પર્ધામાં ભાગ લીધેલ ખેલાડીઓએ પ્રમાણપત્રની નકલ તથા તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ સાથે લઈને આવવાનું રહેશે તેમ જિલ્લાના સિનિયર કોચની અખબારી યાદીમાં જણાવાયું છે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૯

સૂર્યાસ્ત : ૭.૦૫

### તાપમાન

મહત્તમ : ૩૬.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૧ ટકા ● સાંજે ૫૩ ટકા

### મનોરંજન

**સીટી પલ્સ**

: સ્કીન-૧ :

સિંઘમ રિટર્ન્સ : ૧૨.૪૫, ૩.૪૫, ૬. ૪૫, ૧૦.૦૦

: સ્કીન-૨ :

મર્દાની : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

: સ્કીન-૩ :

ધ એક્પેન્ડેબલ્સ ૩ (અંગ્રેજી) : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

સ્કીન-૪ :

મેડ અબાઉટ ડાન્સ : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

મર્દાની : ૧૦.૦૦

: સ્કીન-૫ :

સિંઘમ રિટર્ન્સ : ૧૦.૦૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્કીન-૧ :

મર્દાની : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦

સિંઘમ રિટર્ન્સ : ૧.૩૦, ૭.૩૦

: સ્કીન-૨ :

ધ એક્પેન્ડેબલ્સ ૩ (અંગ્રેજી) : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫

મેડ અબાઉટ ડાન્સ : ૧.૧૫, ૭.૧૫

સ્કીન-૩ :

મર્દાની : ૧.૦૦, ૭.૦૦

સિંઘમ રિટર્ન્સ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

### આપની આજ

**મેષ** : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સંચિત ધનમાં વૃદ્ધિ થશે. ભાગ્યવર્ધક યાત્રાઓનું આયોજન થશે.

**વૃષભ** : ભાગ્યવર્ધક કાર્યોથી લાભ પ્રાપ્તિ થઈ શકશે. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.

**મિથુન** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**કર્ક** : નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના છે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કન્યા** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : કોઈ નામી વ્યક્તિથી મુલાકાત થશે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે.

**મકર** : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે.

**કુંભ** : પરિવાર, વેપારની બૌદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. જીવનસંગીની સાથે તકરાર ન બને.

### ચિરવિદાય

- સ્વ. મણીબેન રતિલાલ પંડ્યા (ઉ.વ.૯૨) પ્લોટ નં. ૧૫૬૧/૨, સેક્ટર-૨સી, ગાંધીનગર
- સ્વ. કેશરબેન વાલજીભાઈ તપોધન (ઉ.વ.૯૦) પ્લોટ નં. ૯૪૮/૧, સેક્ટર-૨સી, ગાંધીનગર
- સ્વ. શિવાજી બળીયાજી ગોહિલ (ઉ.વ.૭૫) મુ. મગોડી, તા.જી. ગાંધીનગર
- સ્વ. વિનોદકુમાર દિપુજી બિહોલા (ઉ.વ.૪૮) મુ.પો. પાલજ, અંબિકા ચોક પાસે, તા.જી. ગાંધીનગર